ગાંધીનગર સમાચાર

# અરવલ્લી જીલ્લાના ટીંટોઈ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ ગંદકી વચ્ચે શિક્ષણ મેળવી રહ્યા છે

મોડાસા, તા. ૧૧

ગુજરાત સરકાર દ્વારા સ્વચ્છતા અભીયાન હાથ ધરાઈ રહ્યુ છે. ત્યારે શાળા માં અભ્યાસ કરતા નાના ભુલકાઓ એક ખદબદતી ગંદકી આગળ શિક્ષણ મેળવી રહ્યા છે. હાલ માં રાજય માં પ્રવર્તી રહેલો ડેન્ગ્યુ અને સ્વાઈન ફ્લુનો રોગચાળાના સમયે અરવલ્લી જીલ્લાના મોડમસમ તાલુકાની ટીંટોઈ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ રોગચાળાની દહેશત વચ્ચે ગંદકીમાં શિક્ષણ મેળવી રહ્યા છે.




ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા બાળકોમાં સારી તંદુરસ્તી સાથેનું શિક્ષણ મળી રહે. તે માટે અને વિધ સ્વચ્છતા અભીયાનના પાઠ સાથેનું શિક્ષણ આપવાની વાતો કરી વિદ્યાર્થીઓ ને બીમારી માંથી બહાર લાવવા શાળા આરોગ્ય ચકાસણીના કાર્યક્રો યોજવામાં આવે છે. ત્યારે સરકારના આવા શાળાકીય આરોગ્ય લક્ષી કાર્યક્રમો સામે પડકારરુપ શાળા આગળ જ ગંદકીના સામ્રાજ્ય વચ્ચે અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના ટીંટોઈ ગામની પ્રાથમીક શાળાના વિદ્યાર્થીઓ આજે શિક્ષણ મેળવી રહ્યા છે. ૫૦૦૦ ની વસ્તી ધરાવતા ટીંટોઈ ગામની મધ્યમાં પ્રાથમિક શાળા નંબર - ૩ આવેલી છે. ગામના મુખ્ય માર્ગ પર આવેલી શાળા આગળ થઈ ખેડુથો અને ગ્રામજનોને દૈનિક કામકાજ અર્થે પસાર થવુ પડે છે. આજ રસ્તે શાળાની સામે રામજી મંદિર પણ આવેલુ છે. છેલ્લા કેટલાક વર્ષો થી આ શાળા આગળ પુષ્કળ ગંદકીના થર ખદબદી રહ્યા છે. સાથે સાથે ગામનુ ગંદુ પાણી પણ શાળા આગળ પસાર થતા ત્રણ રસ્તા પર ભરાઈ રહે છે. બાળકોને શાળાએ અભ્યાસ અર્થે ગંદા પાણીમાં ચાલીને જવુ પડે છે. તેમજ ગ્રામજનોને પણ આ ગંદા પાણીમાં થઈ અવર જવર કરવી પડે છે. સૌથી અગત્યની બાબત શાળા આગળ જામેલા ગંદકીના થર ને કારણે બાળકો રોગચાળાના ભોગ બને છે. શાળા પરિવાર તથા ગ્રામજનો દ્વારા તંત્રમાં અનેક વખત રજુઆત કરી છે. છતા કોઈજ પરિણામ મળતુ નથી.



**સમગ્ર ગુજરાતમાં જયારે ડેન્ગ્યુ અનો સ્વાઈનફ્લુએ ઉતપાત મચાવ્યો છે તેવામાં આ માસુમ બાળકોના સ્વાસ્થ્ય સામે પ્રશ્નાર્થ**

શાળા આગળ અતિશય જામેલા ગંદકીના થર અને ભરાઈ રહેલ ગામનું ગંદું પાણી ને લઈ બાળકો ત્રસ્ત થઈ ગયા છે. દરરોજ ગંદા પાણીમાં ચાલીને શાળાએ આવવું પડે છે. જેથી પગમાં ખંજવાળ આવે છે. અને ગંદકીના ્ગલામાંથી આવતી ઝેરી સુવાસ ને કારણે બાળકોના શ્વાસ પણ રુંધાઈ જાય છે. આમ શિક્ષણ મેળવવું હાલ બાળકો માટે જોખમી સાબિત થાય છે. જેથી બાળકો ગંદકીને લઈ રોગના ભોગ ના બને તે માટે શાળા આગળની ગંદકી દુર થાય તેમ ઈચ્છી રહ્યા છે.

ગામની મોટી પ્રાથમિકશાળા આગળ ખદબદી રહેલા ગંદકી બાબતે તાલુકા વિકાસ અધિકારીને પુછતાં સરકાર દ્વારા સ્વચ્છતા અભિયાન હાથ ધરાયુ છે તે અનુસાર સ્વચ્છતા માટે ગંદકી દુર કરવાની કામગીરી સારીરીતે ચાલી રહી હોવાના ગાણા ગાઈ સરકારનો બચાવ કરી પોતાની જવાબદારી માંથી છટકવાની કોશીશ કરી રહ્યા હતા ત્યારે પ્રશ્ન એ થાય છે કે આવી ગંદકી ભર્યા વાતાવરણ માં કેમ ભણશે.

## ધનસુરા ચાર રસ્તા પર ડિવાઈડર બનાવવા લોકોની ઉગ્ર માંગ

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના ધનસુરા ગામે છેલ્લા ઘણા સમયથી ધનસુરા અને આણીયોર ચાર રસ્તા પર અકસ્માતોની સંખ્યામાં દિન પ્રતિદિન વધારો થાય છે. અકસ્માતને પગલે અનેક લોકોએ જીવ ગુમાવવાનો વારો આવ્યો છે. ધનસુરાના આ અકસ્માત ઝોન ચાર રસ્તા પર ડિવાઈડર બનાવવા તંત્ર સમક્ષ ધનસુરાવાસીઓએ રજુઆત કરી છે. પરંતુ યોગ્ય નિકાલ ન આવતા ધનસુરા નાગરીક મંચ દ્વારા આગામી સમયમાં ડિવાઈડર નહી બનાવવામાં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની ચિમકી ઉચ્ચારી છે.

ધનસુરા ખાતે તાજેતરમાં નવીન રોડ બનાવવામાં આવેલ છે. જેથી વાહન ચાલકો આ ચકાચક માર્ગ પર બેફામ વાહન હંકારી અકસ્માત સર્જે છે. ધનસુરા પાસે વડાગામ આવેલુ હોવાથી ત્યાં ગ્રીટ, કપચી અને મોટો વેપાર ધમધમે છે. આસપાસના લોકો અહીંથી ગ્રીટ કપચી લઈ જતા હોવાથી આ માર્ગ પર ટ્રકોની અવર જવર સૌથી વધુ હોય છે. બેફામ ચલાવતા ટ્રકચાલકો અને અન્ય વાહન ચાલકો અવાર નવાર અકસ્માત સર્જી લોકોને ઈજા પહોંચાડે છે. ધનસુરા તલોદ માર્ગ પર ચાર જેટલી શૈક્ષણિક સંસ્થા આવેલી છે. જેમાં હજ્જારો વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. શાળાના સમયે માર્ગ પર ટ્રાફિક જામના દૃશ્યો સર્જાય છે. ધનસુરાના ગ્રામજનો દ્વારા વારંવાર તંત્ર સમક્ષ રજુઆત ડિવાઈડર બનાવવા માટે કરવામાં આવી છે. પરંતુ તંત્રના બહેરા કાને ગ્રામજનોની રજુઆત સંભળાતી નથી. ત્યારે પંદર દિવસની અંદર આ બંને ચાર રસ્તા ઉપર ડિવાઈડર નહિ બનાવવામાં આવે તો ધનસુરા નાગરીક પંચે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી છે.

# વિસનગરમાં એડીશનલ ડિસ્ટ્રીક્ટ કોર્ટ બિલ્ડીંગનું લોકાર્પણ કરાયું

મહેસાણા, તા. ૧૧

મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકામાં વિસનગરમાં એડીશનલ ડિસ્ટ્રીક્ટ કોર્ટની બિલ્ડીંગનુ લોકાર્પણ રાજય વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિશ્રી જયંત પટેલ, ન્યાયમૂર્તિશ્રી અભિલાષા કુમારી અને કાયદા મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાના હસ્તે કરવામાં આવ્યુંહતું. વિસનગરમાં છ કોર્ટ કાર્યરત છે. આ નવીન બિલ્ડીંગમાં ત્રણ કોર્ટ કાર્યરત થનાર છે.

કાર્યક્રમમાં ઉપસ્થિત મુખ્ય ન્યાય મૂર્તિશ્રી જયંત પટેલે જણાવ્યું હતું કે ન્યાયમંદિરની પ્રાથમિકતા તેની પવિત્રતતા છે. ન્યાય કરવો એ ઐશ્વરીય કાર્ય છે. આ કાર્ય કરનારાઓમાં સંપુર્ણ પવિત્રતા હોવી જરૂરી છે. ન્યાયની તમામ વિધિમાં પવિત્રતા જળવાય તો જ કોર્ટ બિલ્ડીંગ ખરા અર્થમાં ન્યાયમંદિર થઈ શકે છે. લોકોમાં ન્યાય આપી આપણે તેમનામાં શ્રદ્ધા અને વિશ્વાસ જાળવીએ છીએ. ન્યાયાધીશોની ફરજ સમયસર ન્યાય કરવાની છે પરંતુ તેમાં ન્યાયની ગુણવત્તા જાળવવી જરૂરી છે.




કાર્યક્રમમાં ઉપસ્થિત ન્યાયમૂર્તિશ્રી અભિલાષા કુમારીએ જણાવ્યું હતું કે ન્યાયની પ્રક્રિયામાં વિશ્વાસ સંપાદન જરૂરી છે. ન્યાયનો મુખ્ય હેતુ સંતોષ આપવાનો છે. જેમાં સંભવત એક અરજદારને અસંતોષ થાય છે. ન્યાય પ્રણાલીમાં તટસ્થતા અને વિશ્વસનીયતા હોવી જરૂરી છે. વિસનગરમાં એડીશનલ ડિસ્ટ્રીક્ટ કોર્ટનું લોકાર્પણ થવાથી આ વિસ્તારને ફાયદો થનાર છે.

કાયદા મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે વિસનગર એ શિક્ષણનું ધામ છે. જયશંકર સુંદરીના નામ સાથે સંકળાયેલ કલાની નગરી છે. વિસનગરે પોતાની ઓળખ રાષ્ટ્રીય સ્તરે પ્રસ્થાપિત કરી છે. વિસનગરમાં ન્યાયમંદિરનું બિલ્ડીંગ ૫ કરોડ ૩૯ લાખના ખર્ચેતૈયાર થયેલ છે. મહેસાણા જિલ્લામાં રાજ્ય સરકારે ૪૨ કોર્ટ માટે ૬૨ કરોડ રૂપિયા મંજુર કર્યા છે. જિલ્લા અને તાલુકામાં કોર્ટ બિલ્ડીંગમાં ૮૨ કરોડના કામો રાજ્ય સરકાર કરી રહી છે. ન્યાય પ્રક્રિયામાં માળખુ, વ્યવસ્થા અને તંત્ર મજબુત બનાવી રાજ્ય સરકાર જ્યુડીશીયલ ડિલવરીને સ્પીડ મળે તે દિશામાં સરકાર કામ કરી રહી છે. લોકોને સસ્તો, ઝડપી અને ઘર આંગણે ન્યાય મળે તે ગતિશીલ ગુજરાતની આવશ્યકતા છે.

રાજ્ય સરકાર સૌના સાથ સૌના વિકાસ સાથે સૌને ન્યાય માટે કામ કરી રહી છે. રાજયમાં ન્યાય માટે ૧૬૫૦ કરોડનું બજેટ ફાળવાયું છે. રાજ્યના ૨૪૮ તાલુકામાંથી મોટા ભાગના તાલુકામાં તાલુકા કક્ષાની કોર્ટ છે. ન્યાય પ્રક્રિયામાં એક પણ તાલુકો ન રહી જાય તે માટે ઝડપથી સરકાર કામ કરી રહી છે.




## શારિરીક ક્ષતિ ધરાવતાં વિકલાંગોને સાધન અર્પણ કરાયા

માલપુર સ્થિત અભિલાષા ચેરીટેબલ ટ્રસ્ટ તથા ક્ષેત્રિય વિકલાંગ પુનર્વાસ કેન્દ્ર અમદાવાદ દ્વારા માલપુર શાળા નં. ૧ ખાતે વિવિધ ક્ષતિવાળા વિકલાંગોને સાધન વિતરણ કાર્યક્રમ યોજાઈ ગયો. મંચ ઉપર ઉપસ્થિત જિલ્લા સમાજ સુરક્ષા અધિ. એન.કે. પરમાર, મામલતદાર શ્રીમતિ જે.એન. શાહ, ભેંમપુર એજ્યુ. કેમ્પસના મેને. ટ્રસ્ટી મહેશભાઈ પટેલ, વિ.ના. હસ્તે શારીરિક ક્ષતિ ધરાવતા વિકલાંગોને ટ્રાયસીકલ, વ્હીલચેર, બગલ ઘોડી તથા મંદબુદ્ધિવાળી પાંચ વ્યક્તિઓને સ્પેશયલ કીટ અર્પણ કરવામાં આવી હતી. આ તબક્કે સૌ વિકલાંગો માટે પ્રેરણામૂર્તિ એવા રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા વિકલાંગ કુ. ઈર્શિતાબેન શાહનું સન્માન કરવામાં આવ્યું હતું. ઉપરાંત આ કાર્યક્રમમાં નાગરીક બેંક બોર્ડ ઓફ ડીરેક્ટર્સ, પર્યાવરણ ટીમ માલપુરના સદસ્યો કલ્પેશભાઈ, જશુભાઈ, યાકુબભાઈ, વિનયસિંહ, ક્ષેત્રિય વિક. કેન્દ્રના અજીતસિંહ, જાયન્ટસ ગ્રુપના સદસ્યો તથા વનપંડિત દિનેશભાઈ ઉપાધ્યાય ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની સફળતા માટે અભિલાષા ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખશ્રી જીજ્ઞેશભાઈ ભટ્ટ દ્વારા ખુબ જહેમત ઉઠાવવામાં આવી હતી.

## ચોટીલા મંદિરના કમ્પાઉન્ડમાંથી બાઈક ચોરાયું

હિંમતનગર, તા. ૧૧

હિંમતનગર તાલુકાના તોટીલા મંદિર ખાતે ગત તા. ૬ ઓક્ટોમ્બરના રોજ પાર્ક કરેલું બાઈક અજાણ્યો શખ્સ ચોરી કરી લઈ ગયો હતો. જે અંગેની ફરિયાદ શુક્રવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી.

આ અંગેની વિગત એવી છે કે પ્રાંતિજ તાલુકાના અંબાવાડા ગામના નયનભાઈ ભીખાભાઈ કાપડીયા ગત તા. ૬ ઓક્ટોમ્બરે ચોટીલા મંદિરમાં બાઈક નં. જીજે-૦૯.સીજી.૭૬૮૮ લઈને ગયા હતા. દરમ્યાન કમ્પાઉન્ડમાં પાર્ક કરેલ આ બાઈકને અજાણ્યો શખ્સ ચોરી કરીને લઈ ગયો હતો. જે અંગે નયનભાઈએ તપાસ કરવા છતાં કોઈ પત્તો ન મળતા તેમણે શુક્રવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં બાઈક ચોરાયાની ફરિયાદ નોંધાવી હતી.

# અરવલ્લીમાં બટાકાનું વાવેતર કરનાર ભૂમિપુત્રો ખુશખુશાલ

મોડાસા, તા. ૧૧

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકા અને અન્ય વિસ્તારોમાં ભૂમિપુત્રોએ મોટાપાયે બટાટાનું વાવેતર કર્યા પછી બટાટાનો પાક તૈયાર થતા જ ખેડૂતોની હાલત કફોડી બની ગઈ હતી. વરસાદથી લીલા શાકભાજીના વાવેતરને ભારે નુકશાન જતા બજારમાં બટાટાના ભાવ અને માંગમાં તેજીનો માહોલ જોવા મળ્યો છે. અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના પહાડપુર, સબલપુર, ઈટાડી, શિણોલ, રામપુર જેવા વિસ્તારોમાં ભૂમિપુત્રોએ ૧૦ હજારથી વધુ હેક્ટરમાં પોષણક્ષમ ભાવ મળવાની આશાએ વાવેતર કર્યું હતું. અને વિપુલ પ્રમાણમાં બટાટાનું ઉત્પાદન થતા ભાવ તળિયે આવી ગયા હતા અને કોલ્ડ સ્ટોરેજના ભાડા પણ વધી જતા ખેડૂતો દેવાના ડુંગર નીચે દબાઈ ગયા હતા. હમણા થયેલા ભારે વરસાદને લીધે શાકભાજી માંગ વધી હતી. જેના કારણે બટાટામાં અણધારી તેજ આવી છે જેના લીધે ખેડૂતો નવી ચેતનાનો સંચાર થયો હતો. જિલ્લામાં બટાટાના વિપુલ ઉત્પાદનના લીધે ખેડૂતોને મૂડી જેટલું પણ વળતર મળ્યું નહોતુ. જેના લીધે તેજીની આશાએ બેઠેલા ખેડૂતોએ કોલ્ડ સ્ટોરેજમાં સંગ્રહ કરી મુક્યા હતા. ભાવ તળિયે બેસી ગયા હતા અને બટાટાના બિલ્ટી ભાવ ૬૦ કિલોના ૩૦૦ રૂપિયા થઈ ગયા હતા પરંતુ શાકભાજીમાં તેજી આવતા બટાટાના ભાવમાં ધરખમ ભાવ વધારો જોવા મળ્યો અને ૬૦ કિલોના ૫૦૦ રૂપિયા બોલાઈ રહ્યા છે. જેથી બટાટાનું વાવેતર કરનાર ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.



# અરવલ્લીમાં મોડાસા - નડીયાદ ટ્રેનનું જંકશન ક્યારે વિકસીત થશે

મોડાસા, તા. ૧૧

અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરમાં વર્ષોથી એક ટ્રેનની માંગણી કરેલ હતી તે ઘણા વર્ષો બાદ મળી છે. કે જેના કોઈ પ્લેટફોર્મનું કે સુવિધાનું કાંઈ ઠેકાણું નથી તેના કારણે મુસાફરોને મુશ્કેલીઓ પડે છે.

આમતો મોડાસાની ભોળી પ્રજાને રાજકારણીઓ અથવા તો મોટામાથાઓ દ્વારા કાઈ ને કાઈ અન્યાય થતો જ આવ્યો છે ત્યારે મોડાસાને એક રેલ્વે બહુ વર્ષો બાદ મળી છે ને એવી હાલતમાં કે જાણે કોઈ એનું રણી ધણી નાહોઈ પરંતુ નડીયાદ થી મોડાસાની બ્રોડગ્રેજ ટ્રેન આપવામાં આવી ત્યારે સવારે ૬ વાગે અને બપોરે ૨:૨૦ જવાનો ટાઈમ બપોરે ૧:૩૦ કલાકે અને રાત્રે ૧૦ વાગે પરત આવવાનો ટાઈમ આ રીતેના સમય ફાળવેલ છે. ટ્રેનના આવવાના અને જવાના સમયમાં મુસાફરોનો રેલ્વે પ્લેટફોર્મના કારણે એટલી તકલીફ પડે છે કે વૃદ્ધ વ્યકિતને ટ્રેનમાં બેસવા માટે જમીનથી જ અંદાજે ૩ થી ૪ ફુટ જેટલા ઉભા પગથીયા ચઢવા પડે છે. તો તે ટ્રેનના ડબ્બામાં બેસી શકે અને સ્ત્રીઓ અને બાળકોને પણ આવી તકલીફનો સામનો કરવો પડે છે.



મોડાસા નડીયાદ ટ્રેન શરુ કરાઈ તેની ખુસી છે. પરંતુ રેલ્વે તત્રએ મોડાસા રેલ્વે તરફ કાળજી રાખી નથી. અને આ પ્લેટફલર્મ ન હોવાના કારણે ટ્રેનમાં બેસવા જતાં કેટલાક વૃધ્ધો પડી જતાં હોઈ છે. અને ઘણાને વાગવાના પણ બનાવ બન્યા છે. જ્યારે રેલ્વે મુસાફર નથી મળતા તેની દરકાર કરે છે. પરંતુ મુસાફરોની સુવિધાની દરકાર કરતા નથી.

મોડાસા થી નડીયાદ ટ્રેનને લાંબા સમય બાદ વધુ એક સમય બપોરનો ફળવાયો છે તે સારી બાબત છે પરંતુ મુસાફરને રેલ્વે સ્ટેશન ઉપર નથી બેસવાની સગવડ કે પણીની સગવડ કે શૌચાલયની સગવડ પ્રાથમિક સુવિધાથી વંચીત એવું આ મોડાસા શહેરનું રેલ્વે સ્ટેશન છે. મોડાસા રેલ્વે સ્ટેશનના મુસાફરોના કહેવા પ્રમાણે આ ટ્રેનમાં ગંદકીનું પણ સામ્રાજ્ય છે અને ૭૦ વર્ષ પછીની ઉંમર વાળા ઓને જાણે રેલ્વેનો કોઈ જ લાભ લેવાનો નહી એવી હાલત છે. આ ટ્રેન રાત્રીના ૧૦ વાગ્યાના બાદ તો સ્ટેશનથી બહાર નીકળતા માર્ગો ઉપર ના તો લાઈટની સગવડ કે સીટીમાં જવા કોઈ વાહનની તો મુસાફરોને તકલીફ ન પડે તેના માટે આ ગુજરાત વાસીઓ ખોબલે અને ધોબલે વોટ આપી મોદી સરકાર લાવ્યા છે ત્યારે જોવાનું એ રહેછે. આ સરકાર ક્યારે મુસાફરોની તકલીફ દુર કરે છે.

# ધાનેરા પોલીસ જ કહી રહી છે મહિલાએ દારૂ પીધો છે : તો પછી મહિલા પાસે દારૂ આવ્યો ક્યાંથી ?

ધાનેરા, તા. ૧૧

એક તરફ ગુજરાતની પોલીસ ગુજરાતમાં દારૂબંધી છે તેવા બણગા ફૂંકી ગુજરાતમાં દારૂબંધીની બડાસ મારી રહી છે ત્યારે દારૂના કારણે કેટલાય નિર્દોષ પરિવાર બરબાદ થઈ રહ્યા છે. ત્યારે હવે તો ગુજરાતમાં પુરૂષોની સાથે-સાથે મહિલા પણ દારૂની ચૂસકી મારવાનું ચુકતી નથી ત્યારે ધાનેરાની પોલીસ પોતે જ કબુલે છે કે આ મહિલા દરરોજ દારૂ પીવે છે.

વાત છે બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાની કે જ્યાં ખુલ્લેઆમ દારૂનું વેચાણ અને દારૂના અડ્ડા ધમધમી રહ્યા છે ત્યારે લોકોમાં એ સવાલ ઉભો થાય છે કે એક તરફ ગુજરાતની પોલીસ ગાંધીના ગુજરાતમાં દારૂબંધીની બડાસ મારી રહી છે તો બીજી તરફ ગુજરાત પોલીસની રહેમ નજર હેઠળ જ ખુલ્લેઆમ દારૂના અડ્ડાઓ ધમધમી રહ્યા છે ત્યારે ગઈકાલે ધાનેરામાં એક મહિલા દારૂના નશામાં ધુત બની બેભાન થઈ હતી. અને ધાનેરાના જાહેર રસ્તા પર આ મહિલાને જોવા માટે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને લોકો દ્વારા ધાનેરા ૧૦૮ને જાણ કરતા ૧૦૮ના પાયલોટ રજનીકાંત રાવલ અને ઈ.એમ.ટી. ભરતભાઈ પટેલ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી દારૂના નશામાં ધુત બનેલી મહિલાને સારવાર અર્થે ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડી હતી. મહિલાની હાલત ગંભીર જણાતા રેફરલ હોસ્પિટલના ડોક્ટર શૈલેન્દ્રસિંહ પરમાર દ્વારા ધાનેરા પોલીસને વારંવાર જાણ કરવા છતાં ધાનેરા પોલીસ ઘટનાસ્થળે ફરકી જ ન હતી.

ધાનેરાના ટાઉન જમાદાર નરપતસિંહ રાવ મોડે મોડે ધાનેરા રેફરલ હોસ્પિટલમાં આવી પોતાના જ મોઢે કબુલ્યું હતું કે આ મહિલા તો દરરોજ દારૂ પીવે છે અને આવું તો ચાલ્યા કરે તેમ કહી ચાલતી પકડી હતી.

**ધાનેરા મહિલાએ દારૂ પીતા મહિલા બેભાન બની સારવાર અર્થે ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડાઈ**

હવે અહી સવાલ એ ઉભો થાય છે કે ધાનેરા પોલીસ જાતે જ કબુલે કે આ મહિલા તો દરરોજ દારૂ પીવે છે.. તો પછી આ મહિલા પાસે દરરોજ દારૂ આવે છે ક્યાંથી..? આનો મતલબ તો એ થયો કે ધાનેરા પોલીસને ખબર છે કે લોકો ધાનેરામાં દારૂ પીવે છે અને ધાનેરામાં દારૂ વેચાય પણ છે તો પછી ગાંધીના ગુજરાતમાં દારૂ વેચનાર સામે કાર્યવાહી કરતા ધાનેરા પોલીસ અચકાય છે કેમ ? કે પછી દારૂ વેચનાર સામે કાર્યવાહી કરતા ધાનેરા પોલીસને ડર લાગે છે જેથી ગુજરાતમાં લોકો કહી રહ્યા છે કે ગુજરાતમાં દારૂબંધીની બડાસ મારતી ગુજરાત પોલીસે બડાસ મારવાનું બંધ કરી ગુજરાતમાં દારૂબંધીનું પાલન કરાવવું જોઈએ.